અમદાવાદના એડીશ્નલ સિટી સેશન્સ જજશ્રીની કોર્ટમાં,
અદાલત નંબરઃ ૨૨, અમદાવાદ.

**ક્રી.પ.અરજી નંબર–૧૦૩૧૧/૨૦૨૩**

---

**હસમુખભાઈ રમણભાઈ પટણી <u>વિરુદ્ધ</u> શ્રી સરકાર**

.........................................................................................

**અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.એમ.પટણી**
**સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.પી.પઢિયાર**
**મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી કે.આર.શર્મા**

---

**<u>આંક–૦૧ જામીન અરજી લગત હુકમઃ–</u>**

૦૧. અરજદાર/આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૧૧૧૯૧૦૩૧૨૩૧૦૪૩/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) ના કામે તેઓની ધરપકડ થવાની દહેશત જણાતી હોય, ક્રી.પ્રો. કોડની કલમ–૪૩૮ મુજબ આગોતરા જામીન પર મુકત કરવાની વિનંતી સાથે હાલની જામીન અરજી કરેલી છે.

૦૨. ત.ક.અધિકારીશ્રીએ સોગંદનામુ તથા તપાસના પેપર્સ રજૂ કરેલ છે.

૦૩. અરજદાર તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર નિર્દોષ છે. અરજદારનું ફરિયાદમાં નામ નથી. તેમણે આ ગુનામાં કોઈ હથિયાર નો ઉપયોગ કરેલ નથી. તેમજ કોઈને તેઓએ ઈજા પહોંચાડેલ નથી. અરજદાર નાની ઉંમરના છે. તેઓ સ્થાનિક રહીશ છે. તેઓનો કોઇ ગુનાહિત ભૂતકાળ નથી. તેઓ નામ.કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરશે. મુખ્ય આરોપીને આ કામે જામીન પર મુક્ત કરેલા છે. આ કામે ક્રોસ કેસ છે. આથી, અરજદારને આગોતરા જામીન પર મુક્ત કરવા વિનંતી છે.

૦૪. સરકારપક્ષે રજૂઆત કરેલ છે કે, અરજદાર સામે ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ ગુનાની તપાસ ચાલી રહી છે. સહઆરોપીને રેગ્યુલર જામીન પર મુક્ત કરેલા છે. પરંતુ અરજદારને આગતોરા જામીન અરજી છે. આથી, ત.ક.અધિકારનું સોગંદનામુ ધ્યાને લઈ અરજી નામંજૂર કરવા કોર્ટને વિનંતી છે. મૂળ ફરિયાદી તરફે આ અરજીનો વિરોધ કરવામાં આવેલ છે. લેખિત વાંધા આંક–૮ થી તથા દસ્તાવેજો રજૂ કરેલ છે. તેઓએ મૌખિક રજૂઆત પણ કરેલ છે. તેમાં મુખ્યત્વે અરજદાર માથાભારે ઈસમ છે. ઈજા પામનારને ગંભીર ઈજા કરેલી છે. વગેરે હકીકત જણાવેલી છે.

૦૫. બંને પક્ષકારની રજૂઆત તથા ત.ક.અધિકારીનું સોગંદનામુ તેમજ

તપાસ ના પેપર્સ વંચાણે લેતા, નીચે મૂજબના કારણોસર અરજદારને આગોતરા જામીન પર છોડવા યોગ્ય જણાય છે,

**૧. આ કામે ફરિયાદી તથા સાહેદ ચાલીમાં આવેલ ખુલ્લા ચોકમાં બેસી વાતો કરતા હતા. તે દરમ્યાન આરોપી તેમની આગળ ઉભા રહી ગંદી ગાળો બોલતા હોય, ગાળો બોલવાની ના પાડતા બોલાચાલી થયેલી. તે બાદ અરજદારના દિકરાઓને ખબર પડતાં તેઓ ત્રણ જણા આવી ગયેલા અને ફરિયાદી તથા સાહેદ સાથે ઝગડો કરેલો. તે વખતે ફરિયાદીનો ભાઈ આકાશ પણ આવી ગયેલ. અને ઝગડો ન કરવા સમજાવવા જતાં આરોપી સાગરે તેની પાસેની છરી કાઢી ફરિયાદીને જમણા હાથના બાવડાના ભાગે મારી દીધેલી. અને અન્ય આરોપીએ લાકડાના દંડા વડે જમણી બાજુ બરડાના ભાગે મારેલ. તેમજ ફરિયાદીનો ભાઈ આકાશ અને સાહેદ ધવલ છોડાવવા માટે વચ્ચે પડતા સહ આરોપીઓએ આકાશને પેટમાં ડાબી બાજુ તથા જમણી બાજુ પડખાના ભાગે છરીના ઘા મારેલા અને પગે જાંઘના ભાગે એક ઘા મારી દીધેલ. આ અરજદારનું એફ.આઈ.આર.માં નથી, પરંતુ સાગર અને શની નો મિત્ર તે રીતે નામ છે. તેના સામે સ્પેસીફીક કોઈ આરોપ નથી.**

**૨. હાલના અરજદારનો ગુનાહીત ભૂતકાળ નથી. આ ગુનાની સંપૂર્ણ હકીકત ધ્યાને લેતા, મુખ્ય ઈજા કરનારા સહ આરોપીઓ છે. તેઓએ છરી વડે ઈજા કરેલી છે, તે પૈકી લાકડી મારનાર જામીન મુકત છે.**

**૩. ઈજા પામનારને પેટના ભાગે ઈજા થયેલ હોય પરંતુ તેઓને અરજદારે ઈજા કરેલ નથી. વળી, અચાનક બનાવ બનેલાનું જણાય છે.**

**૪. આ ગુનાની અરજદાર પૂરતી મોટા ભાગની તપાસ પૂરી થઈ ગયેલી છે. અરજદાર સ્થાનીક છે. તેઓ નાસી ભાગી જાય તેવી શકયતા જણાતી નથી. જામીન મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડાં કરે તેવી કોઈ શકયતા જણાતી નથી, આ કામે ક્રોસ ફરિયાદ છે.**

૦૫. ઉપરોકત મુજબના કારણોસર અને જામીન એ નિયમ છે, જામીનનો ઈનકાર એ અપવાદ છે. વળી, અરજદારે ગુનામાં કોઈ હથિયાર ઉપયોગ કરેલ હોય તેમ નથી. ક્રોસ એફ.આઈ.આર. નોંધાયેલી છે. મુખ્ય આરોપીઓ રેગ્યુલર જામીન પર મુકત છે. ઈજા પામનાર ભયમુકત છે. આથી અરજદાર તરફેની રજૂઆત સ્વીકારવા પાત્ર છે, જ્યારે મૂળ ફરિયાદી તરફેના વાંધા અને રજૂઆત સ્વીકારવી યોગ્ય જણાતુ નથી. પરંતુ ચોકકસ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. આખરે જામીન એ નિયમ છે. જામીનનો ઈનકાર એ અપવાદ છે. આથી જામીન અરજી મંજૂર કરતો નીચે મુજબનો હુકમ કરું છું.

**– :: હુકમ :: –**

**૦૧.** ફો.પ.અરજી નં.૧૦૩૧૧/૨૦૨૩ આથી મંજૂર કરવામાં આવે છે.

**૦૨.** અરજદાર આરોપી **હસમુખભાઈ રમણભાઈ પટણી** ને શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૧૧૧૯૧૦૩૧૨૩ ૧૦૪૩/ ૨૦૨૩, ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૦૭, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) વગેરે મુજબના ગુનાના કામે અટક કરવાના થાય તો, તેઓને ક્રી.પ્રો. કોડની કલમ–૪૩૮ અન્વયે અરજદારે રૂા. ૧૫,૦૦૦/– (અંકે રુપિયા પંદર હજાર પુરા) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો સંબંધિત કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી સાથેનો રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન આગોતરા જામીન પર મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

**૧.** અરજદાર /આરોપીએ તપાસમાં સહકાર આપવો અને ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં નિયમિત હાજર રહી કેસ ચલાવવામાં સહકાર આપવો. ફરીયાદપક્ષના સાક્ષી–પુરાવા સાથે ચેડા કરવા નહી.

**૨.** અરજદાર/આરોપીએ સદરહુ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી લગત ટ્રાયલ અદાલતને પૂર્વ જાણ કર્યા વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**૩.** અરજદાર/આરોપીએ તેમના રહેણાંકના સરનામાની વિગતો જામીન આપતા સમયે રજૂ કરવી અને તે સરનામુ કોર્ટને અગાઉથી જાણ કર્યા વગર બદલાવવું નહી. તેમજ તેમના બે નજીકના સગા સાથેના સગપણની વિગત તથા સરનામા અને મોબાઈલ નંબર અને ઓળખના પુરાવા સાથેની વિગત લેખિતમાં રજૂ કરવી.

**૪.** **અરજદારે તપાસના કામે ત.ક.અ. લેખિતમાં હાજર રહેવા આદેશ કરે ત્યારે હાજર રહી તપાસમાં સહકાર આપવો. તેમજ આગામી બે માસ સુધી દર મંગળવારે બપોરના ૩.૦૦ થી ૬.૦૦ દરમ્યાન સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.** તેઓએ તારીખ ૦૯/૦૧/૨૦૨૪ ના રોજ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ઉપરોકત સમયે હાજર થઈ તપાસમાં સહકાર આપવો.

**૫.** અરજદારે આ ગુના અંગેના કેસનું સ્ટેટસ કોર્ટની વેબસાઈટની દર મંગળવારે મુલાકાત લઈ વિગત મેળવી તેના કેસમાં સંબંધિત કોર્ટ સમક્ષ સ્વેચ્છાએ હાજર થઈ ટ્રાયલ ચલાવવામાં સહકાર આપવો.

**૦૩.** ઉપરોકત શરતોનો ભંગ કરવામાં આવે તો ટ્રાયલ કોર્ટ જામીન રદ કરી શકશે. તેમજ ટ્રાયલ કોર્ટ શરતોમાં તથા જામીનગીરીની રકમમાં તેઓને યોગ્ય લાગે તેવો ફેરફાર કરતો હુકમ કરી શકશે.

**૦૪.** આ ચૂકાદામાં કરેલ અવલોકન માત્ર જામીન અરજી પૂરતું મર્યાદિત રહેશે.

**૦૫.** સદરહુ હુકમ સંબંધિત પોલીસ સ્ટેશનને તથા જેલને ઈ–મેલ મારફતે આદેશનું પાલન કરવા તથા જાણ સારુ અને આરોપીને જાણ કરવા મોકલી આપવો. જામીન પોલીસ એજન્સીએ સ્વીકારવા.

આ હુકમ આજ રોજ તા.૦૬ માહે જાન્યુઆરી સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬–૦૧–૨૦૨૪
અમદાવાદ

(મનોજ ભાઈલાલભાઈ કોટક)
એડી.સેશન્સ જજ, કોર્ટ નં.૨૨
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
યુનિક કોડ નં.જી.જે.૦૦૭૧૮

Mkm(ps)